### પક્ષ વિરોધી પ્રવૃતિ કરવા બદલ પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા

# પંચમહાલ ભાજપના 17 કાર્યકરો સસ્પેન્ડ

### પક્ષમાં આંતરિક વિખવાદ કે શિસ્તનો ભંગ કરનારા અન્ય કાર્યકરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો

(પ્રતિનિધિ) ગોધરા,તા.17 પંચમહાલ જિલ્લામાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ વચ્ચે શિસ્તભંગ અને પક્ષવિરોધી પ્રવૃત્તિઓ મામલે ભારતીય જનતા પાર્ટીએ કડક વલણ અપનાવીને મોટી કાર્યવાહી કરી છે. પંચમહાલ ભાજપ દ્વારા પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે બગાવત કરનારા ૧૭ જેટલા સક્રિય કાર્યકરોને પક્ષમાંથી સીધા પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ચૂંટણી ટાણે જ લેવાયેલા આ આકરા પગલાંથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની સીધી સૂચના અનુસાર પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ મયંકકુમાર દેસાઈ દ્વારા આ સસ્પેન્શનનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આ કાર્યકરોએ પક્ષના મેન્ડેટનો અનાદર કર્યો હતો. તેઓએ પક્ષના સત્તાવાર ઉમેદવારો સામે અપક્ષ, કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી પોતાની ઉમેદવારી નોંધાવી હતી અથવા તો બળવાખોર ઉમેદવારોને ઉભા રાખી ટેકો પૂરો પાડ્યો હતો.

પાર્ટીમાં મહત્વની જવાબદારી ધરાવતા હોવા છતાં પક્ષને નુકસાન પહોંચાડતી પ્રવૃત્તિ કરવા બદલ આ તમામ સામે લાલ આંખ કરવામાં આવી છે. પક્ષમાંથી સસ્પેન્ડ કરાયેલા આ ૧૭ કાર્યકરો પંચમહાલ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવે છે, જેમાં મોરવા હડફ તાલુકાના ૪, ઘોઘંબા તાલુકાના ૪, કાલોલ તાલુકાના ૬ અને ગોધરા નગરના ૩ કાર્યકરોનો સમાવેશ થાય છે.

ભાજપ હાઈકમાન્ડ દ્વારા લેવાયેલા આ કડક પગલાંને પગલે પક્ષમાં આંતરિક વિખવાદ કે શિસ્તનો ભંગ કરનારા અન્ય કાર્યકરોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. આ મેગા ઓપરેશન દ્વારા પાર્ટીએ પોતાના તમામ કાર્યકરોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે પક્ષવિરોધી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કે બળવો કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

| | | |
|---|---|---|
| 1. | ધવલભાઈ જગદીશચંદ્ર દેસાઈ | મોરવા હડફ તાલુકો |
| 2. | મોહનભાઈ દલસુખભાઈ મુનિયા | મોરવા હડફ તાલુકો |
| 3. | બળવંતસિંહ ભાયુભાઈ પટેલ | મોરવા હડફ તાલુકો |
| 4. | પ્રેમીલાબેન મુકેશભાઈ કટારા | મોરવા હડફ તાલુકો |
| 5. | મહેન્દ્રભાઈ સાયબાભાઈ પટેલીયા | ઘોઘંબા તાલુકો |
| 6. | કિરીટભાઈ સાવજીભાઈ રાઠવા | ઘોઘંબા તાલુકો |
| 7. | રંગીતભાઈ નાયકાભાઈ બારિયા | ઘોઘંબા તાલુકો |
| 8. | નરવતસિંહ સબૂરભાઈ બારિયા | ઘોઘંબા તાલુકો |
| 9. | નિર્મલસિંહ મહેન્દ્રસિંહ ગોહિલ | કાલોલ તાલુકો |
| 10. | જ્યોતિબેન સુભમસિંહ ઠાકોર | કાલોલ તાલુકો |
| 11. | સુભમસિંહ સંગ્રામસિંહ ઠાકોર | કાલોલ તાલુકો |
| 12. | મુકેશભાઈ જીવાભાઈ હરીજન | કાલોલ તાલુકો |
| 13. | જયદીપસિંહ સોમાભાઈ બારિયા | કાલોલ તાલુકો |
| 14. | સોમસિંહ પ્રભાતસિંહ જાદવ | કાલોલ તાલુકો |
| 15. | ભારતીબેન સતીશકુમાર પટેલ | ગોધરા નગર |
| 16. | સતીશકુમાર જયંતિલાલ પટેલ | ગોધરા નગર |
| 17. | દીપકકુમાર હેમનદાસ ખીમાણી | ગોધરા નગર |

### વીર યોદ્ધાઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અપાઈ

## સંત જોડિયા પરમેશ્વર-રૂપસિંહ નાયકના શહીદ દિનની ઉજવણી

(પ્રતિનિધિ) જાંબુઘોડા તા.17 જાંબુઘોડા કાઢીના કિલ્લા માં આજ રોજ સંત જોડિયા પરમેશ્વર અને રૂપસિંહ નાયક ની 158 મી શહીદ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે પાવી જેતપુર ના પૂર્વ ધારાસભ્ય વેચાતભાઈ બારીયા દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબ ને પણ ખાસ યાદ કરવામાં આવ્યા હતા જાણવા મળ્યા મુજબ અંગ્રેજો સાથે લડત આપનાર જોરીયા પરમેશ્વર અને રૂપસિંહ નાયક જેમને શ્રદ્ધાંજલિ આપવા માટે આજ રોજ જાંબુઘોડા ની મધ્ય માં આવેલ ગઢીના કિલ્લા માં નાયક સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ તથા બારીયા ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આજ રોજ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે પાવીજેતપુર ના પૂર્વ ધારાસભ્ય વેચાતભાઈ બારીયા નાયક સમાજ ના આગેવાન હીરાભાઈ નાયક સહિત ના ક્ષત્રિય સમાજ અને નાયક સમાજ સહિત ના અનેક આગેવાનો હાજર રહ્યા હતા અને આસ-પાસ ના વિસ્તારો માં રહેતા તમામ આદિવાસી સમાજ ની ઉપસ્થિતિમાં શહીદ દિનની ઉજવણી ધામ-ધૂમ થી કરવામાં આવી હતી આજ થી લગભગ 150 વર્ષ પહેલા અંગ્રેજો દ્વારા સંત જોડિયા પરમેશ્વર, અને વીર રાજા રૂપસિંહ નાયક, ગુલાલીયા નાયક, રાવજી ચીમન બારીયા, સહિતના ઓ ને ફાંસી એ લટકાવવા માં આવ્યા હતા તેઓની શહીદી ની યાદમાં મનાવવામાં આવતા શહીદ દિનની ઉજવણી દર વર્ષે ૧૬ એપ્રિલ ના રોજ જાંબુઘોડા ગઢી ના કિલ્લા માં વીર શહીદો ને યાદ કરી તેઓને શ્રદ્ધાંજલિ પાઠવી શહીદોને યાદ કરવામાં આવ્યા હતા.

### બાજરવાડાના કોંગ્રેસના માજી તાલુકા પંચાયત સભ્ય ભાજપમાં જોડાયા

## ઝાલોદ તાલુકામાં અમારો મુખ્ય ધ્યેય વિકાસનો : ધારાસભ્ય મહેશ ભુરીયા



(પ્રતિનિધિ) ઝાલોદ તા.17 ઝાલોદ 130 વિધાનસભા મત વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહેશભાઈ ભૂરીયા દ્વારા પ્રચાર અભિયાનની શરૂઆત કરવામાં આવી. તાલુકા અને જિલ્લા પંચાયતના ઉમેદવારો સાથે યોજાયેલી જનસભામાં મતદાતાઓને વિકાસના મુદ્દાઓ આધારે મતદાન કરવાની અપીલ કરવામાં આવી. સભા દરમિયાન તેમણે ખેડૂતોને કમોસમી વરસાદથી થયેલા નુકસાન, આરોગ્ય સેવાઓ, સુપોષણ, રોડ-રસ્તા, સિંચાઈ યોજનાઓ, શાળા અને આંગણવાડીના વિકાસ જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે વિકાસ માટે સ્પષ્ટ દ્રષ્ટિકોણ સાથે ભારતીય જનતા પાર્ટી કાર્યરત છે. વિરોધ પક્ષ પર ટીકા પ્રચાર દરમિયાન તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અંગે ટીકા કરતા કહ્યું કે આ પક્ષો પાસે વિકાસ માટે સ્પષ્ટ યોજના નથી. કોંગ્રેસ ના પક્ષમાંથી ભાજપમાં પ્રવેશ બાજરવાડા ગામના કોંગ્રેસના માજી તાલુકા સભ્ય હીરસીંગભાઈ વાલસીંગભાઈ સંગાડા પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા હતા. તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.ઉમેદવારો માટે સભાઓ પ્રચાર દરમિયાન વિવિધ તાલુકા અને જિલ્લા પંચાયત શીટના ઉમેદવારો માટે સભાઓ યોજાઈ હતી, જેમાં સ્થાનિક કાર્યકરો અને ગ્રામજનો હાજર રહ્યા હતા. સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિતિ જોવા મળી હતી અને વિકાસ મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને પ્રચારને ગતિ આપવામાં આવી હતી.

### ફ્રાંસની કેનેડી યુનિવર્સિટી દ્વારા માનદ પદવી મળી

## વૈષ્ણવાચાર્ય અભિષેકલાલજી મહારાજને ડોક્ટરેટની પદવી

(પ્રતિનિધિ) કાલોલ,તા.17 તાજેતરમાં ફ્રાંસની કેનેડી યુનિવર્સિટી દ્વારા 'ડોક્ટરેટ'ની માનદ પદવીથી સન્માનિત થયેલા જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૧૯માં વંશજ પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી અભિષેકલાલજી મહારાજશ્રીનો ભવ્ય સન્માન સમારોહ ગુરુવારે સાંજે કાલોલના સુવર્ણ હોલ ખાતે અત્યંત ઉત્સાહપૂર્વક યોજાયો હતો. આ પ્રસંગે કાલોલની વિવિધ ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ ઉમટી પડી હતી. વિવિધ સંસ્થાઓ દ્વારા ભાવભીનું અભિવાદન કરાયુ.મહારાજશ્રીની ૨૯ વર્ષની નિઃસ્વાર્થ સમાજ સેવા અને ગૌ-સેવાને બિરદાવવા માટે કાલોલની અનેક સંસ્થાઓ દ્વારા તેમનું શાલ અને પુષ્પગુચ્છથી તેમજ ધોતી ઉપરના ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું, કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે કાલોલ વૈષ્ણવ સમાજ દ્વારા મહારાજશ્રીની આંતરરાષ્ટ્રીય સિદ્ધિ અને માનવ સેવાના કાર્યોને બિરદાવતું વિશેષ પ્રશસ્તિ પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, ₹આપશ્રીનું સન્માન કરતા અમો સૌ ગર્વની લાગણી અનુભવીએ છીએ.₹ પોતાના સન્માનના પ્રત્યુત્તરમાં પૂજ્ય મહારાજશ્રીએ આશીર્વચન પાઠવતા તમામ સંસ્થાઓ અને નગરજનોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ સન્માન એ માત્ર મારું નથી, પરંતુ સનાતન ધર્મ અને સેવાના મૂલ્યોનું સન્માન છે. તેમણે યુવાનોને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા રહેવા અને જીવદયાના કાર્યોમાં સહભાગી થવા પ્રેરણા આપી હતી.

### ગોધરા તાલુકા પંચાયતમાં RTI મુદ્દે અજીબોગરીબ છબરડો

## તારીખોના ગંભીર ગોટાળા, RTIની સરેઆમ મજાક ઉડાડતું વહીવટી તંત્ર

(પ્રતિનિધિ) ગોધરા,તા.17 ગોધરા તાલુકા પંચાયતના વહીવટી તંત્રમાં દબાણ સંદર્ભની RTI અરજીના અમલીકરણમાં ગંભીર બેદરકારી અને અરજદારને મૂર્ખ સમજવાની માનસિકતા છતી કરતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પઢિયાર ગામના જાગૃત નાગરિક કાનાભાઈ રામાભાઈ પરમારે દબાણ અંગે માંગેલી માહિતીના જવાબમાં અધિકારીઓએ ગુજરાત માહિતી આયોગને મોકલેલા અહેવાલમાં તારીખોના એવા હાસ્યાસ્પદ ગોટાળા કર્યા છે જે જોઈને તંત્રની વહીવટી પોકળતા સ્પષ્ટ થાય છે. તંત્રએ આશ્ચર્યજનક રીતે દાવો કર્યો છે કે જે માહિતી આપવાનો હુકમ ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ માં થયો હતો. તેનું પાલન તેમણે બે મહિના અગાઉ એટલે કે ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ માં જ કરી દીધું હતું! પ્રાપ્ત વિગતો મુજબ, પ્રથમ અપીલ અધિકારીએ ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સાત દિવસમાં માહિતી આપવાનો સ્પષ્ટ હુકમ કર્યો હતો. પરંતુ જાહેર માહિતી અધિકારીએ આયોગને રજૂ કરેલા રિપોર્ટમાં ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ જ માહિતી પૂરી પાડી દીધાનું દર્શાવ્યું છે. આટલું જ નહીં, મે ૨૦૨૫ ની મૂળ અરજીને ખોટી રીતે મેં ૨૦૨૬ ની દર્શાવીને દસ્તાવેજોમાં મોટાપાયે ગોલમાલ થઈ હોવાનું જણાય છે. કાયદા મુજબ ૩૦ દિવસમાં માહિતી આપવાના બદલે પાંચ મહિનાના વિલંબ બાદ અધૂરી માહિતી આપીને અરજદારને ઈરાદાપૂર્વક હેરાન કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે. વધુમાં, અરજદારને પૂરેપૂરી માહિતી ન આપવા છતાં, માહિતી આયોગને આવો ખોટો અહેવાલ મોકલવાની હિંમત કોઈ વહીવટી કર્મચારીએ ટીડીઓને અંધારામાં રાખીને જ કરી હોવાની આશંકા સેવાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ગામની નળ સે જળ યોજનાના પ્રશ્ને પણ વહીવટી તંત્ર દ્વારા આવા જ વિરોધાભાસી અને ઉપજાવી કાઢેલા અહેવાલો રજૂ કરવાની ગંભીર ક્ષતિઓ સામે આવી ચૂકી છે. આ તમામ બાબતો પરથી એવું ચિત્ર ઉપસી રહ્યું છે કે જવાબદાર અધિકારીઓ કાગળ પર કંઈપણ લખીને ઉચ્ચ કચેરીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને અરજદારોને સાવ મૂર્ખ સમજી રહ્યા છે તેવા આક્ષેપો છે.

### દિવસ-રાત ચાલતું ગેરકાયદેસર ખનન

## ગરબાડાના ભે ગામે સફેદ પથ્થરની લૂંટ,તંત્ર મૌન કેમ?



(પ્રતિનિધિ) ગરબાડા તા.17 ગરબાડા તાલુકાના ભે ગામે છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદેસર ખનનની પ્રવૃત્તિઓએ જોર પકડ્યું છે. ગામમાં આવેલા સફેદ પથ્થરના ડુંગરોને ભારે મશીનો વડે બેફામ રીતે ખોદવામાં આવી રહ્યા છે અને આ ખનીજને ટ્રકોમાં ભરી ગેરરીતે ગોધરાની ફેક્ટરીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યું હોવાનું સ્થાનિકોમાંચર્ચાનો વિષય બન્યું છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ સમગ્ર ગેરકાયદેસર કામગીરી દિવસ-રાત ખુલ્લેઆમ ચાલી રહી છે, છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે.

આ પરિસ્થિતિમાં ખાણ-ખનીજ વિભાગની કામગીરી પર પણ ગંભીર સવાલો ઊભા થયા છે કે આવી વિશાળ સ્તરે ચાલી રહેલી ખનન માફિયાની હરકતો સામે તંત્ર અજાણ કેમ?

## સિંગવડ રેંજમાં પશુ-પક્ષીઓના હવાડા ખાલીખમ



(પ્રતિનિધિ) સિંગવડ તા.17 સિંગવડ રેન્જ ફોરેસ્ટઓફિસ દ્વારા જંગલ વિસ્તારમાં જે પશુ પક્ષીઓ માટે પાણીના કુંડ તથા તળાવો બનાવવામાં આવ્યા તેમાં પાણી નહીં ભરતા જંગલ ના પ્રાણીઓ દ્વારા ગ્રામ વિસ્તારોમાં પાણીની શોધમાં ઉત્તરવા મજબૂર સિંગવડ તાલુકાના જંગલ વિસ્તારમાં જે પશુ પક્ષીઓ માટે પીવાના પાણીના કુંડાઓ તથા તળાવ બનાવવામાં આવ્યા તેમાં વન ખાતા દ્વારા પાણી નહીં ભરાતા પાણીની શોધ માટે જંગલમાંથી દીપડા જેવા પ્રાણીઓ ગ્રામ્ય વિસ્તારોમાં તથા રહેણાંક વિસ્તારોમાં પાણીની શોધ માટે ઉતરતા જોવા મળ્યા જ્યારે ઉનાળાની શરૂઆત થતા ની સાથે જંગલ વિસ્તાર માં વસવાટ કરતાં મૂંગા ને અબોલ જીવો વન્ય પ્રાણીઓ માટે સરકાર દ્વારા પાણીની સુવિધા કરવામાં આવતી હોય છે પરંતુ આ ધગધગતા ઉનાળો ચાલુ થવાની સાથે સિંગવડ તાલુકાના ઘણા જંગલોમાં પાણીની સુવિધા પૂરી પાડવામાં નહીં આવતા દીપડા જેવા પ્રાણીઓ પાણીની શોધ માટે જંગલો જંગલો રખડતા રહેણાક વિસ્તારમાં ઉત્તરવા મજબૂર થયા છે જ્યારે મોટા આંબલીયા ના જંગલોમાં તથા મંડેર ના જંગલોમાં તળાવો તથા પાણીના કુંડો બનાવવામાં આવ્યા છે ત્યાં પાણીના કુંડો ની જગ્યાએ ઘાસ ઉગી ગયા પછી પણ તેને સાફ કરીને તેનામાં પાણી ભરવામાં નથી આવ્યા જેના લીધે તે જંગલના દીપડા જેવા પ્રાણીઓ પાણીની શોધમાં ભમરેચી ના ડુંગરા પર સાંજના ટાઈમે દેખવા મળ્યા હતા ત્યારે તે પાણીની શોધમાં જંગલોમાંથી જ્યાં પાણી દેખાય ત્યાં ઉતરીને પાણી પીવા મજબૂર થયા હતા.

### સમયસર નાણા ન મળતાં આર્થિક હાડમારી

## સિંગવડ તાલુકાની બેન્કોમાં રૂપિયા નહીં મળતા ખાતાધારકોને મુશ્કેલી

(પ્રતિનિધિ) સિંગવડ તા.17 સિંગવડ તાલુકાની બેંકોમાં ઘણા સમયથી રૂપિયા નહીં મળતા બેંક ખાતા ધારકોને ધક્કા ખાવાનું વારો આવ્યો છે જ્યારે હમણાં લગ્ન સીઝન તથા ચાંદલા વિધિ ચાલતા હોય અને સરકારી કામો કર્યા તેમના મજૂરીના રૂપિયા ચૂકવવા પડતા હોય તેવામાં લોકો ને બેંકો માંથી રૂપિયા નહીં મળતા લોકોને તકલીફ ઉઠાવવાનો વારો આવ્યો છે જ્યારે જે રૂપિયા બેંકમાં મુકેલા તેમને કામ માટે નહીં મળતા હોય તે રૂપિયા બેંકમાં મૂક્યા પછી ના મળે તે શું કામના અને તે રૂપિયા સમયસર લોકોને મળે તો તેમનો વ્યવહાર સાચવી શકે અને મજૂરોને પણ આપી શકે તેમ છે જ્યારે બેંકો સાથે વ્યવહાર કરવા માટે સરકાર દ્વારા ઝીરો બેલેન્સ થી ખાતા ખોલાવવા માં આવ્યા હતા અને બેંકો સાથે વ્યવહાર કરતા કર્યા હતા પરંતુ જે લોકોને બેંકોમાં મુકેલા રૂપિયા સમયસર ન મળે તો પછી તે બેંકોના રૂપિયા મુકવાનો મતલબ શું તે એક ચર્ચાનો વિષય બનવા પામ્યો છે જ્યારે બેંક ધારકો ને તેમના રૂપિયા સમયસર નહીં મળે તો બેંકમાં રૂપિયા રાખવાનો મતલબ નથી તેમ બેન્ક ગ્રાહકોમાં બુમો ઉઠવા પામી છે જ્યારે ખાતા ધારકોને તેમના રૂપિયા ફટાફટ મળે તેવી માંગ ઉઠવા પામી છે

### વિદ્યાર્થીઓ રંગોળી અને ઇનોવેટિવ આર્ટ દ્વારા આપી રહ્યા છે મતદાન જાગૃતિનો સંદેશ

## મતદાન જાગૃતિ માટે શાળાઓમાં વિવિધ સ્વીપ પ્રવૃત્તિઓ હાથ ધરાઈ



(પ્રતિનિધિ) ગોધરા,તા.17 પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને તા.૨૮મીએ મતદારો મોટા પ્રમાણમાં મતદાન કરીને લોકશાહીના આ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા વિવિધ સ્વીપ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓની પ્રાથમિક શાળાઓમાં સર્જનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ મતદાનના મહત્ત્વ અંગે જનજાગૃતિ ફેલાવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે શાળાઓમાં રંગોળી સ્પર્ધા, ઈનોવેટિવ આર્ટ , સિંગનેચર કેમ્પેઈન તથા અન્ય પ્રવૃત્તિઓના આયોજન થકી વિદ્યાર્થીઓ પોતાના સર્જનાત્મક પ્રદર્શન દ્વારા મતદાનનું મહત્વ સમજાવી રહ્યા છે તેમજ પરિવારજનો અને સમાજને અચૂક મતદાન કરવા પ્રેરિત કરી રહ્યા છે.

### સમાજમાં જનજાગૃતિ થકી ઉત્તમ રાષ્ટ્રનિર્માણ થશે

## કાલોલની બાકરોલ પ્રા. શાળામાં મતદાન જાગૃતિ અભિયાન યોજાયું




(પ્રતિનિધિ) કાલોલ,તા.17 કાલોલ તાલુકાની બાકરોલ પ્રાથમિક શાળામાં મતદાન જાગૃતિ કાર્યક્રમો યોજાયા. ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ માટે જિલ્લા કક્ષા, તાલુકાકક્ષા અને ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક જનજાગૃતિ માટે(SVAP) મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ,રેલી, મહેંદી કેમ્પઈન, નાટક તેમજ ૧૦૦% મતદાનના શપથ જેવા કાર્યક્રમો યોજવા સૂચન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત બાકરોલ પ્રાથમિક શાળાના આચાર્ય દિનેશભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ અભિયાન રેલી,,૧૦૦% મતદાન શપથ તેમજ સામાજિક જનજાગૃતિ માટેના કાર્યક્રમો યોજવામાં આવ્યા. સમાજમાં જનજાગૃતિ થકી ઉત્તમ રાષ્ટ્રનિર્માણ કાર્યમાં બાકરોલ પ્રાથમિક શાળા દ્વારા સહભાગી થવાના પ્રયત્નો કરવામાં આવ્યા.

### સુખસરમાં ઝાલોદની નગર ઇન્ડેન ગેસ એજન્સીની બેદરકારી

## સમયસર બુકિંગ નહીં કરી ગ્રાહકોને રંજાડવામાં આવતા હોવાનો આક્ષેપ

લાંબા સમયથી ગેસ સેવા ઠપ્પ થતા ગ્રાહકો પરેશાન



(પ્રતિનિધિ) સુખસર,તા.17 સુખસર વિસ્તારમાં ઝાલોદની નગર ઈન્ડેન ગેસ એજન્સીની બેદરકારીના કારણે સ્થાનિક ગ્રાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.લાંબા સમયથી ગેસ સિલિન્ડરની હોમ ડિલિવરી સેવા બંધ હોવાની સાથે બુકિંગ પ્રક્રિયા પણ ઠપ્પ થઈ ગઈ હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

નિયમ મુજબ ગેસ એજન્સીએ ગ્રાહકોને ઘરે જઈને સિલિન્ડર પહોંચાડવાનું હોય છે.પરંતુ સુખસર વિસ્તારમાં આ સેવા લાંબા સમયથી બંધ છે.એટલું જ નહીં ગ્રાહકો દ્વારા ગેસ બુકિંગ કરવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે બુકિંગ થતું નથી અને એજન્સીનો સંપર્ક નંબર પણ બંધ આવતો હોવાના આક્ષેપો સામે આવી રહ્યા છે.જેના કારણે ગેસ સિલિન્ડર ક્યારે મળશે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી મળતી નથી.આ પરિસ્થિતિને કારણે સુખસરના રહેવાસીઓને ગેસ સિલિન્ડર મેળવવા માટે ઝાલોદ સુધી જવું પડે છે.જ્યાં લાંબી લાઈનોમાં ઉભા રહીને કલાકો સુધી રાહ જોવી પડે છે.ખાસ કરીને મહિલાઓ,વરિષ્ઠ નાગરિકો અને રોજિંદા કામકાજ કરતા લોકો માટે આ પરિસ્થિતિ અત્યંત કંટાળાજનક બની ગઈ છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતુ કે,આ મુદ્દે અનેક વખત રજૂઆત કરવા છતાં એજન્સી તરફથી કોઈ યોગ્ય પ્રતિસાદ મળ્યો નથી.જેના કારણે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. સ્થાનિક રહેવાસીઓએ સંબંધિત વિભાગ અને ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરીને ગેસ બુકિંગ સેવા ફરી શરૂ કરાવવા અને સુખસર વિસ્તારમાં નિયમિત હોમ ડિલિવરી સુનિશ્ચિત કરવાની માંગ ઉઠવા પામેલ છે.જેથી લોકોને પડતી મુશ્કેલીમાંથી રાહત મળી શકે.